# દક્ષિણ ગુજરાતમાં આજે વરસાદનું રેડ એલર્ટ

**રાજ્યમાં** સિઝનનો ૭૭.૮૨ ટકા વરસાદ નોંધાયો

**દક્ષિણ** ગુજરાતમાં સરેરાશ કરતાં ૧૦૮.૩૫ ટકા વરસાદ

ગાંધીનગર : ગુજરાતમાં ચોમાસું ફરી એક વખત આક્રમક બન્યું છે અને આગામી ૨૪ કલાક રાજ્ય માટે ભારે વરસાદની કસોટીરૂપ બની શકે છે. દક્ષિણ છત્તીસગઢ અને દક્ષિણ-પશ્ચિમ મધ્ય પ્રદેશ પર સર્જાયેલું લો-પ્રેશર ક્ષેત્ર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું હોવાથી સમગ્ર ગુજરાતમાં ચોમાસું સક્રિય બન્યું છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ ઉપરાંત દમણ તથા દાદરા-નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદની શક્યતાને પગલે 'રેડ એલર્ટ' જાહેર કર્યું છે. આ વિસ્તારોમાં કેટલાક સ્થળોએ ૨૧ સેમીથી વધુ વરસાદ પડવાની સંભાવના છે.

આ સાથે અમદાવાદ, આણંદ, વડોદરા, નર્મદા, તાપી, ડાંગ તથા સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને બોટાદમાં 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

અહીં છૂટાછવાયા સ્થળોએ ૧૨થી ૨૧ સેમી સુધી અતિભારે વરસાદ પડી શકે છે. ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર તેમજ સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં 'યલો એલર્ટ' હેઠળ ૭થી ૧૧ સેમી સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

રવિવારે ૨૦૦ જેટલા તાલુકામાં મેઘમહેર, કપરાડા-બરવાળા-વાંસદા ટોપ પર

રવિવારે સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના આશરે ૨૦૦ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. તેમાં વલસાડના કપરાડામાં સૌથી વધુ ૩.૩૫ ઈંચ, બોટાદના બરવાળામાં ૩.૨૭ ઈંચ, નવસારીના વાંસદામાં ૩.૧૯ ઈંચ અને ધરમપુરમાં પણ ૩.૧૯ ઈંચ વરસાદ નોંધાયો હતો. સુરતના અંબિકા વિસ્તારમાં ૨.૬ ઈંચ, નાના પોંઢામાં ૨.૫૨ ઈંચ, નર્મદાના ગરુડેશ્વરમાં ૨.૫૨ ઈંચ, દાહોદમાં ૨.૩૨ ઈંચ, ખેડામાં ૨.૨૮ ઈંચ, વાપીમાં ૨.૧૭ ઈંચ, પેચરાજીમાં ૨.૧૭ ઈંચ, ડેડિયાપાડામાં ૨.૧૩ ઈંચ, નવસારીમાં ૨.૦૯ ઈંચ અને રાણપુરમાં ૨.૦૫ ઈંચ વરસાદ નોંધાયો હતો.

તેના એક દિવસ અગાઉના ૨૪ કલાકમાં પણ દક્ષિણ ગુજરાતમાં વરસાદે તોફાની સ્વરૂપ ધારણ કર્યું હતું. રાજ્યના ૨૮ જિલ્લાના ૧૯૩ તાલુકામાં વરસાદ નોંધાયો હતો, જેમાં તાપીના ઉકાઈમાં ૧૧.૮૧ ઈંચ (૩૦૦ મિ.મી.), સુરતના ઉમરપાડામાં ૮.૩૫ ઈંચ (૨૧૨ મિ.મી.), ડાંગના સુબીરમાં ૫.૭૧ ઈંચ, વઘાઈમાં ૫.૬૭ ઈંચ અને સોનગઢમાં ૫.૫૧ ઈંચ વરસાદ ખાબક્યો હતો. રાજ્યમાં સરેરાશ ૧૮.૯૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

### ૮૧ લાખ હેક્ટરમાં વાવેતર પૂર્ણ

ચોમાસું-૨૦૨૬માં અત્યાર સુધી રાજ્યમાં સરેરાશ ૭૦૭.૩૨ મિ.મી. એટલે કે સરેરાશના ૭૭.૮૨ ટકા વરસાદ પડી ચૂક્યો છે. ઝોનવાર જોવામાં આવે તો કચ્છમાં ૨૦.૯૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૬.૭૫ ટકા, મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૭૭.૪૭ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૭.૧૦ ટકા અને દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૦૮.૩૫ ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ ખરીફ મોસમના સરેરાશ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તાર સામે અત્યાર સુધીમાં ૯૫.૪૬ ટકા એટલે કે ૮૧ લાખ હેક્ટરમાં વાવેતર પૂર્ણ થઈ ચૂક્યું છે.

### સરદાર સરોવર ૯૩.૭૨ ટકા ભરાયો, ૩૪ ડેમ હાઈ એલર્ટ પર

ભારે વરસાદ વચ્ચે રાજ્યના જળાશયોની સ્થિતિ પણ મહત્ત્વપૂર્ણ બની છે. સરદાર સરોવર નર્મદા ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૯૩.૭૨ ટકા ભરાઈ ગયો છે અને તેમાં હાલ ૩,૧૩,૦૯૯ મિલિયન ક્યુબિક ફીટ પાણીનો સંગ્રહ છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ ક્ષમતાના ૬૫.૪૨ ટકા પાણીનો સંગ્રહ થયો છે. તેમાં ૧૭ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યા છે, જ્યારે ૪૧ ડેમ ૭૦થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયેલા છે. પાણીની સ્થિતિને પગલે ૩૪ ડેમ હાઈ એલર્ટ, ૧૧ ડેમ એલર્ટ અને ૧૩ ડેમ વોર્નિંગ લેવલ પર રાખવામાં આવ્યા છે.

---

સુરતમાં UPSCની NDA-CDS પરીક્ષા પૂર્ણ

## પ્રથમ સેશનમાં 69% અને બીજામાં 69.3% ઉમેદવારો હાજર રહ્યાં

**ત્રીજા** સેશનમાં 232માંથી 140 ઉમેદવારો હાજર, કુલ મળીને નોંધપાત્ર ગેરહાજરી

સુરત: સંરક્ષણ દળોમાં અધિકારી તરીકે કારકિર્દી બનાવવાનું સપનું જોતા યુવાનો માટે આજે સુરતમાં યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા નેશનલ ડિફેન્સ એકેડમી (NDA) અને કમ્બાઇન્ડ ડિફેન્સ સર્વિસીસ (CDS)-૨ની પરીક્ષા યોજાઈ હતી. સુરત શહેરના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર યોજાયેલી પરીક્ષામાં ઉમેદવારોની હાજરીનું પ્રમાણ સેશન પ્રમાણે આશરે ૬૦થી ૭૦ ટકા વચ્ચે રહ્યું હતું.

પરીક્ષા માટે કુલ ૧,૨૪૨ ઉમેદવારો નોંધાયેલા હતા. પ્રથમ સેશનમાં ૮૫૭ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી, જ્યારે ૩૮૫ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આમ, પ્રથમ સેશનમાં ૬૯ ટકા ઉમેદવારો હાજર અને ૩૧ ટકા ગેરહાજર રહ્યા હતા. બીજા સેશનમાં હાજરીમાં થોડો વધારો જોવા મળ્યો હતો. કુલ ૧,૨૪૨ ઉમેદવારોમાંથી ૮૬૧ ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે ૩૮૧ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. એટલે કે બીજા સેશનમાં ૬૯.૩ ટકા હાજરી અને ૩૦.૭ ટકા ગેરહાજરી નોંધાઈ હતી. આ ઉપરાંત ત્રીજા સેશનમાં કુલ ૨૩૨ ઉમેદવારોમાંથી ૧૪૦ ઉમેદવારોએ પરીક્ષા આપી, જ્યારે ૯૨ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આ સેશનમાં ૬૦.૩ ટકા હાજરી અને ૩૯.૭ ટકા ગેરહાજરી નોંધાઈ હતી. સુરતમાં CDSની પરીક્ષા માટે બે કેન્દ્રો ફાળવવામાં આવ્યા હતા. NDAની પરીક્ષા બે સેશનમાં યોજાઈ હતી. પ્રથમ સેશનમાં સવારે ૧૦થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી મેથેમેટિક્સ, જ્યારે બીજા સેશનમાં બપોરે ૨થી સાંજે ૪:૩૦ વાગ્યા સુધી જનરલ એબિલિટી ટેસ્ટ લેવામાં આવ્યો હતો.

ઉપલબ્ધ આંકડા પ્રમાણે ત્રણેય સેશનની તુલનામાં ત્રીજા સેશનમાં ઉમેદવારોની હાજરી સૌથી ઓછી રહી હતી. ત્રીજા સેશનમાં ૨૩૨માંથી ૧૪૦ ઉમેદવારો એટલે કે ૬૦.૩ ટકા હાજર રહ્યા હતા, જ્યારે ૯૨ એટલે કે ૩૯.૭ ટકા ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

---

## પીએમ મોદીની હાજરીમાં ૧ ઓક્ટોબરે એકતાનગરમાં પરેડ

**૧૦** હજાર પોલીસ-અર્ધલશ્કરી જવાનો અને ૪,૭૦૦ કલાકારો દેશની એકતા-વૈવિધ્યનો રંગ ઉજાગર કરશે

ગાંધીનગર : ભારતની એકતા અને અખંડિતતાના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી માટે એકતાનગર સજ્જ થઈ રહ્યું છે. તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસ-૨૦૨૬ની ઉજવણીમાં ૩૧ ઓક્ટોબરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ભવ્ય રાષ્ટ્રીય એકતા પરેડ યોજાશે. આ પરેડમાં દેશભરના પોલીસ અને અર્ધલશ્કરી દળોના આશરે ૧૦ હજાર જવાનો, વિવિધ રાજ્યોના આશરે ૪,૭૦૦ કલાકારો તથા વિવિધ બેન્ડ ભાગ લેશે. ભારતીય વાયુસેના દ્વારા ફ્લાયપાસ્ટ અને વડાપ્રધાનનું સંબોધન પરેડના મુખ્ય આકર્ષણો રહેશે.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને આ વર્ષે વધુ વ્યાપક જનભાગીદારી સાથે જોડવામાં આવી છે. સામાન્ય નાગરિકો પણ રાષ્ટ્રીય એકતા પરેડમાં ઉપસ્થિત રહી આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બની શકશે. નાગરિકો માટે www.rashtriyaektadiwas.com વેબસાઈટ મારફતે નિઃશુલ્ક ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. નોંધણી પ્રક્રિયામાં જરૂરી માહિતી અને દસ્તાવેજો અપલોડ કર્યા બાદ સત્તાધિકારી દ્વારા નોંધાયેલા ઈ-મેઈલ પર કન્ફર્મેશન અથવા પ્રવેશ પાસ મોકલવામાં આવશે. પ્રવેશ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને નોંધણી 'વહેલા તે પહેલાં'ના ધોરણે કરવામાં આવશે.

આ વર્ષની પરેડમાં ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, લોકકલા, પરંપરા અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાનું ભવ્ય નિદર્શન કરવામાં આવશે. પરેડનો પ્રસ્તાવિત રૂટ નર્મદા માતાની પ્રતિમાથી શરૂ થઈ રેપ્લિકા ગાર્ડન, એસઆરપી કોલોની નજીક પૂર્ણ થશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળના સીઈઓ અમિત અરોરાએ આ રાષ્ટ્રીય પર્વમાં સહભાગી થવા અપીલ કરી છે.

### જંબુસરમાં બોટ પલટાતાં ડૂબી ગયેલા યુવકનો મૃતદેહ મળ્યો

ભરૂચ : જંબુસર તાલુકાના દહેગામ દરિયાકિનારે એક દર્દનાક દુર્ઘટના સામે આવી હતી. દરિયામાં બોટમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાવાને કારણે બોટમાં સવાર 8 લોકો દરિયાના ઊંડા પાણીમાં તણાઈ ગયા હતા. આ દુર્ઘટના બનતા જ આસપાસના સ્થાનિકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને સમયસૂચકતા વાપરીને 7 લોકોને સુરક્ષિત રીતે બચાવી લીધા હતા. જો કે, આજે દરિયામાંથી જંબુસરના સારોદગામના વતની અક્ષય વાઘેલાનો મૃતદેહ મળી આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ જંબુસર મામલતદાર સહિત સ્થાનિક સરકારી તંત્ર અને એસ.ડી.આર.એફ. (SDRF) ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. SDRF ની ટીમ દ્વારા દરિયાના ઊંડા પાણીમાં સતત બે-ત્રણ દિવસ સુધી સઘન રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સતત ત્રીજા દિવસે દરિયામાં શોધખોળ દરમિયાન લાપતા થયેલા યુવકની ડેડ બોડી મળી આવી હતી.

## દુરંતો એક્સપ્રેસમાંથી 21 કિલો પોષડોડાનો જથ્થો ઝડપાયો

**સુરત** સ્ટેશન પર બિનવારસી બેગમાંથી 3.15 લાખનો મુદ્દામાલ જપ્ત

**RPFને** જોતા જ આરોપી ટ્રોલીબેગ મૂકીને નાસી ગયો

સુરત : સુરત રેલવે સ્ટેશન પર મિશન સેફ સ્ટેશન અભિયાન હેઠળ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. હજરત નિઝામુદ્દીનથી એર્નાકુલમ જતી દુરંતો એક્સપ્રેસ ટ્રેનમાંથી 21.050 કિલોગ્રામ પોષડોડાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત રૂપિયા 3,16,750 આંકવામાં આવી છે જેમાં 3,15,750 રૂપિયાના પોષડોડા અને 1,000 રૂપિયાની ટ્રોલીબેગનો સમાવેશ થાય છે.

ઘટનાની વિગત મુજબ તા. 13/09/2026 ના રોજ સવારે 11.14 વાગ્યે ટ્રેન નંબર 12284 હજરત નિઝામુદ્દીન - એર્નાકુલમ દુરંતો એક્સપ્રેસ સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2 પર આવીને ઉભી રહી હતી. તે સમયે ટ્રેનના આગળના ભાગે લિફ્ટ પાસે એક અજાણ્યો ઈસમ લીલા રંગની વજનદાર ટ્રોલીબેગ લઈને જઈ રહ્યો હતો.

રેલવે સુરક્ષા દળને જોતા જ તે શંકાસ્પદ રીતે બેગ બિનવારસી હાલતમાં મૂકીને ભીડનો લાભ લઈ નાસી ગયો હતો. રેલવેની સંયુક્ત ટીમે બેગનો કબજો લઈ તપાસ કરતા અંદરથી પ્લાસ્ટિકની કોથળીઓમાં ભરેલો 21 કિલોથી વધુ પોષડોડાનો જથ્થો મળી આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં આ જથ્થો આંતરરાજ્ય ટ્રેન મારફતે ગુજરાતમાં ઘુસાડવાનો પ્રયાસ હોવાનું સામે આવ્યું છે અને આરોપી પોતાના આર્થિક લાભ માટે ગેરકાયદેસર રીતે આ માદક પદાર્થ લાવી રહ્યો હતો. આ મામલે સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે અને ફરાર આરોપીને શોધવા CCTV ફૂટેજની તપાસ શરૂ કરાઈ છે.

### એક્સ્ટર્નલના નાપાસ વિદ્યાર્થીઓ માટે ૧૬ સપ્ટેમ્બરથી પરીક્ષા ફોર્મ વેરિફિકેશન

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એક્સ્ટર્નલ અભ્યાસક્રમમાં સેમેસ્ટર-૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા આપવાની તક મળશે. યુનિવર્સિટી દ્વારા આવા વિદ્યાર્થીઓ માટે નવેમ્બર-૨૦૨૬માં પરીક્ષા યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પરીક્ષા માટેની ફોર્મ વેરિફિકેશન પ્રક્રિયા આગામી ૧૬ સપ્ટેમ્બરથી શરૂ થશે.

આ પરીક્ષા સ્નાતક કક્ષાના બી.એ. અને બી.કોમ. તેમજ અનુસ્નાતક કક્ષાના એમ.એ. અને એમ.કોમ. સેમેસ્ટર-૧ના માત્ર નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે યોજાશે. વિદ્યાર્થીઓએ ૧૬ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન પરીક્ષા ફોર્મનું વેરિફિકેશન કરાવી પરીક્ષા ફી ભરવાની રહેશે. વિદ્યાર્થીઓએ પોતાના સ્ટુડન્ટ ડેશબોર્ડમાં લોગિન કરી 'એક્સ્ટર્નલ એક્ઝામ ફોર્મ ફિલ અપ' લિંક પરથી ફર્સ્ટ સેમેસ્ટરનું ફોર્મ ડાઉનલોડ કરવાનું રહેશે. ત્યારબાદ જરૂરી વિષયોની પસંદગી કરી સંબંધિત પરીક્ષા કેન્દ્ર પર રૂબરૂ જઈ ફોર્મ વેરિફાઈ કરાવવાનું રહેશે.

---

જરી કારખાનાઓને અઠવાડિયામાં એક દિવસ રજા

## મેટાલિક જરીના ભાવમાં 30% ઉછાળાથી ડિમાન્ડમાં બ્રેક

**5000** થી વધુ ઉત્પાદકો અને 10થી 12 હજાર મશીનો ઉપર મંદીની અસર

**2** લાખથી વધુ કારીગરો જોડાયેલા ઉદ્યોગમાં ઉત્પાદન ઘટાડવાની નોબત

સુરત : સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગમાં વિવિંગ અને એમ્બ્રોઈડરી માટે મહત્વની કડી ગણાતો મેટાલિક જરી ઉદ્યોગ હાલમાં ડબલ મારનો સામનો કરી રહ્યો છે. એક તરફ મેટાલિક જરીના ઉત્પાદન માટે જરૂરી મટીરીયલ્સના ભાવમાં છેલ્લા કેટલાક સમયગાળામાં આશરે 30 ટકાનો વધારો થયો છે, તો બીજી તરફ બજારમાં ડિમાન્ડ નબળી હોવાથી વેપારીઓ વધેલા ભાવ સ્વીકારવા તૈયાર નથી. પરિણામે ઉત્પાદકોના માર્જિન ઉપર સીધી અસર પડી છે અને અનેક જરી કારખાનાઓએ ઉત્પાદનનું ભારણ ઘટાડવા માટે અઠવાડિયામાં એક દિવસની રજા રાખવાનું શરૂ કર્યું છે.

સુરતના જરી ઉદ્યોગમાં 5000 થી વધુ મેટાલિક જરી ઉત્પાદકો, અંદાજે 10થી 12 હજાર મશીનો કાર્યરત હોવાનું ઉદ્યોગકારો જણાવે છે. આ સમગ્ર પ્રવૃત્તિ સાથે સીધી-આડકતરી રીતે 2 લાખથી વધુ કારીગરો જોડાયેલા છે. તેથી મેટાલિક જરીમાં આવેલી મંદીનો પ્રભાવ માત્ર ઉત્પાદકો પૂરતો મર્યાદિત ન રહેતા એમ્બ્રોઈડરી, વિવિંગ અને અન્ય ટેક્સટાઈલ સેગમેન્ટ સુધી પહોંચવાની શક્યતા છે.

મેટાલિક જરીનો મુખ્ય ઉપયોગ ફેન્સી વિવિંગ, એમ્બ્રોઈડરી, ગાર્મેન્ટ, લેસ, બોર્ડર અને ડેકોરેટિવ ટેક્સટાઈલ્સમાં થાય છે. ઉદ્યોગમાં મેટાલિક યાર્નનો ઉપયોગ મલ્ટિહેડ એમ્બ્રોઈડરી, હેન્ડ એમ્બ્રોઈડરી, વિવિંગ, નિટિંગ અને હોમ ફર્નિશિંગમાં પણ થાય છે. સુરતની જરી પરંપરામાં મેટાલિક યાર્ન આધારિત પ્લાસ્ટિક જરી ઉપરાંત કોપર, સિલ્વર વગેરે ધાતુઓનો ઉપયોગ થતી જરીની વિવિધ કેટેગરીઓ છે. ભારત સરકારના હસ્તકલા પોર્ટલ મુજબ સુરત જરીનું મુખ્ય કેન્દ્ર છે અને પ્લાસ્ટિક જરીમાં મેટાલિક યાર્નનો ઉપયોગ થાય છે.

### સાડીથી ગાર્મેન્ટ સુધી મેટાલિક જરીની માંગ

મેટાલિક જરીનો ઉપયોગ ખાસ કરીને સાડી, ડ્રેસ મટિરિયલ, દુપટ્ટા, ગાઉન, બ્લાઉઝ, લહેંગા, ફેન્સી ફેબ્રિક, બોર્ડર-લેસ અને એમ્બ્રોઈડરી ડિઝાઇનમાં થાય છે. વિવિંગ યુનિટોમાં જરીનો ઉપયોગ ફેબ્રિકને શાઇન અને ફેન્સી ઇફેક્ટ આપવા માટે કરવામાં આવે છે, જ્યારે એમ્બ્રોઈડરી યુનિટોમાં તેનો ઉપયોગ ડિઝાઇનને હાઇલાઇટ કરવા અને મેટાલિક લુક આપવા માટે થાય છે. સુરતના ઉત્પાદકો વિવિધ પ્રકારના મેટાલિક યાર્ન અને જરીને અલગ-અલગ કાઉન્ટ, રંગ અને ફિનિશમાં બનાવે છે.

### ઉત્પાદન ઘટ્યું તો ટેક્સટાઇલ ચેઇન ઉપર અસરની ભીતિ

હાલની પરિસ્થિતિમાં જરી ઉત્પાદકો માટે સૌથી મોટો પ્રશ્ન એ છે કે કાચા માલના ભાવ વધ્યા છે પરંતુ તૈયાર જરીના ભાવમાં તે વધારો પસાર કરી શકાતો નથી. ઉત્પાદન ચાલુ રાખવાથી ખર્ચ વધે છે અને વેચાણ ભાવમાં વધારો ન મળતા નફો ઘટે છે. તેથી કેટલાક કારખાનેદારોએ મશીનો સંપૂર્ણ ક્ષમતા પર ચલાવવાના બદલે સાપ્તાહિક એક દિવસ ઉત્પાદન બંધ રાખવાનો માર્ગ અપનાવ્યો છે.

---

## પગના દુખાવા-સોજાથી કંટાળેલા અગ્નિવીર જવાનનો આપઘાત

**ડિંડોલીના** શિવાજી પાર્કમાં ૨૧ વર્ષીય જવાને માસીના ઘરે અંતિમ પગલું ભર્યું, ૯ મહિના પહેલાં જ લગ્ન થયા હતા

સુરત : મૂળ મહારાષ્ટ્રના વતની પ્રિયાંશ અશોકભાઈ સેંદાણે (૨૧ વર્ષ) ડિંડોલીના શિવાજી પાર્કમાં પોતાની માસીના ઘરે રહેતો હતો. પ્રિયાંશ નાનપણથી જ માસીના ઘરે રહેતો હતો અને આર્મીમાં અગ્નિવીર તરીકે નોકરી કરતો હતો. આશરે નવ મહિના પહેલાં જ તેના લગ્ન થયા હતા. રવિવારે બપોરના સમયે પ્રિયાંશે માસીને નહાવા જવાનું કહી ઉપરના રૂમમાં ગયો હતો. ત્યારબાદ તેણે પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પ્રાથમિક તપાસમાં પ્રિયાંશને લાંબા સમયથી પગમાં દુખાવો તેમજ સોજો ચડી જવાની તકલીફ હોવાનું જાણવા મળ્યું છે. આ બીમારીથી કંટાળી ગયો હતો.

## ધાબેથી કૂદવા ગયેલી કિશોરીને પોલીસે બચાવી

**પોલીસે** વાતોમાં પરોવી બાજુના મકાનની અગાશીના રસ્તે ધાબા પર પહોંચી કિશોરીનો હાથ પકડી ખેંચી લીધી

સુરત : ગોડાદરામાં માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતા 14 વર્ષીય કિશોરી ધાબા પર પહોંચી નીચે કૂદવાનો પ્રયાસ કરતી હતી. જાણ થતાં PCR-83ની ટીમ ગણતરીની મિનિટોમાં પહોંચી હતી. પોલીસકર્મીઓએ વાતચીતમાં રોકી રાખ્યા બાદ કિશોરીએ પાળી પરથી કૂદકો મારતાં સમયસૂચકતા દાખવી તેના હાથ પકડી સુરક્ષિત રીતે બચાવી લીધી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, શનિવારે રાત્રે આશરે 11:40 વાગ્યે કંટ્રોલરૂમમાંથી PCR-83ને જાણ કરવામાં આવી હતી કે ગોડાદરા વિસ્તારમાં માતા અને 14 વર્ષીય પુત્રી વચ્ચે ઘરકામ બાબતે બોલાચાલી થતા માતાએ ઠપકો આપતા કિશોરી નારાજ થઈ ધાબા પર પહોંચી ગઈ છે. કિશોરીએ ધાબાનો દરવાજો બંધ કરી દીધો હતો અને નીચે કૂદી જવાની વાત કરતી હોવાથી તાત્કાલિક પોલીસ મદદની જરૂરિયાત હતી.

કોલ મળતાં જ PCR-83માં ફરજ બજાવતા ઇન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ મીરાબેન, કોન્સ્ટેબલ ધવલભાઈ તથા ડ્રાઇવર ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કિશોરી અંદરથી દરવાજો બંધ કરી બેઠી હોવાથી પોલીસકર્મીઓએ સૌપ્રથમ તેની સાથે વાતચીત શરૂ કરી હતી. મીરાબેને કિશોરીને વાતોમાં પરોવી રાખી હતી, જ્યારે કોન્સ્ટેબલ ધવલભાઈ બાજુના મકાનની અગાશી અને બારીના રસ્તે ધાબા પર પહોંચ્યા હતા. પોલીસે ધાબાનો દરવાજો ખોલવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આ દરમિયાન કિશોરીએ અચાનક ધાબાની પાળી પરથી નીચે કૂદવાનો પ્રયાસ કર્યો હતો. પરિસ્થિતિ ગંભીર બનતાં ધવલભાઈ અને મીરાબેને કિશોરીના બંને હાથ પકડી તેને ખેંચીને સુરક્ષિત રીતે અગાશીની અંદર લઈ લીધી હતી. અન્ય પોલીસકર્મીઓ પણ તાત્કાલિક મદદે પહોંચ્યા હતા. આ રીતે ગણતરીની ક્ષણોમાં કરવામાં આવેલા રેસ્ક્યૂને કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

---

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

### ઝઘડિયામાં ગણેશ...

માહોલ છવાઈ ગયો છે. બીજી તરફ ઉપરવાસમાં પડેલા વરસાદની સીધી અસર જિલ્લાના જળસ્ત્રોતો પર જોવા મળી રહી છે. પૂર્ણા નદીમાં પાણીની આવક વધતાં જળસપાટીએ અચાનક ઉછાળો લીધો હતો. બપોરે 2થી 4 વાગ્યા વચ્ચે માત્ર બે કલાકમાં જ પૂર્ણા નદીની સપાટી 5 ફૂટ વધી 15 ફૂટે પહોંચી હતી. કાવેરી નદીમાં પણ 3 ફૂટનો વધારો નોંધાતા જળસપાટી 16 ફૂટે પહોંચી છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે કાવેરી નદીના જળસ્તરમાં ૧૦-કલાકમાં ૮ ફૂટનો વધારો નોંધાયો હતો. સાંજે ૬ વાગ્યા પુરા થતા કાવેરી નદી ૧૯-ફૂટની સપાટીએ વહેતી જોવા મળી હતી. ભાદરવો મહિનો શરૂ થતાં જ ભારે મેઘની શરૂઆત થઈ છે. શનિવારે સાંજે રેડ એલર્ટ જાહેર થતાં કડાકા-ભડાકા સાથે ભરૂચ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડ્યો હતો. ભરૂચ શહેરમાં ધોધમાર વરસાદે શહેરના કેટલાક ઠેકાણે જળબંબાકાર સર્જ્યો હતો.

ચીખલી કાવેરી નદીના કિનારે આવેલું સુપ્રસિદ્ધ શ્રી તડકેશ્વર મહાદેવ મંદિર ચાલુ ચોમાસાની સીઝનમાં ત્રીજી વખત જળમગ્ન બન્યું હતું. બીજી તરફ ગણદેવીમાં પડેલા વરસાદ કારણે ઠેર ઠેર પાણીનો ભરાવો જોવા મળ્યો હતો

ડાંગ જિલ્લામાં સતત બીજા દિવસે પણ મેઘમહેર યથાવત રહેતા સમગ્ર જિલ્લો વરસાદી માહોલમાં તરબોળ બન્યો છે. છેલ્લા ચોવીસ કલાકથી વરસી રહેલા વરસાદના પગલે અંબિકા, ગીરા, ખાપરી અને પૂર્ણા નદીઓના જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. પાણીની આવક વધવાથી અનેક સ્થળોએ નદી-નાળા ગાંડીતુર બન્યા છે. અંબિકા નદીમાં નવા નીર આવતા વઘઈ નજીકનો પ્રસિદ્ધ ગીરાધોધ ફરી સક્રિય થયો છે.

### ઉપરવાસમાં ધોધમાર...

મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ધુલિયામાં 31 મીમી, ગીધાડેમાં 21 મીમી, સારંગખેડામાં 27 મીમી, શીરપુરમાં 93 મીમી, ડામરખેડામાં 32 મીમી અને ચાંદપુરમાં 92 મીમી વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત નિઝામપુરમાં 12 મીમી, ખેતીયામાં 17 મીમી, નરાણેમાં 47 મીમી, ચોપડવાવમાં 93 મીમી અને કાકડીમ્બામાં 58 મીમી વરસાદ નોંધાયો છે. આમ, ઉકાઈ સહિત કેચમેન્ટના અનેક વિસ્તારોમાં થયેલા ભારે વરસાદની સીધી અસર ડેમની આવક પર જોવા મળી રહી છે. ઉપરવાસમાં પડેલા વરસાદને ધ્યાનમાં રાખીને સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા આગામી 24 કલાક દરમિયાન ઉકાઈ ડેમમાં આશરે 165 એમસીએમ પાણીની આવક થવાની આગાહી કરવામાં આવી છે. આટલી આવકને પગલે ડેમની સપાટીમાં આશરે એક ફુટનો વધારો થવાની શક્યતા છે. રવિવારે સાંજે ઉકાઈ ડેમની સપાટી 335.78 ફુટ નોંધાઈ હતી. હાલ ડેમનું રૂલ લેવલ 340 ફુટ છે. જોકે આગામી બે દિવસ બાદ એટલે કે 16 સપ્ટેમ્બરથી રૂલ લેવલ વધારીને 345 ફુટ કરવામાં આવશે.

### રૂલ લેવલ...

આવ્યું છે. રૂલ લેવલમાં થનારા વધારા અને ઉપરવાસમાંથી થનારી સંભવિત પાણીની આવકને ધ્યાનમાં રાખીને ડેમમાં પાણીનો સંગ્રહ વધારવાની દિશામાં વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

### ઉમરપાડામાં 24...

છેલ્લા 24 કલાક દરમિયાન જિલ્લામાં સર્વત્ર નોંધપાત્ર વરસાદ પડ્યો છે. ભારે વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને શહેરના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

હવામાન વિભાગ દ્વારા આજે સુરત જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જેના પગલે આજે ભારે વરસાદની શક્યતા વચ્ચે તંત્ર પણ સતર્ક રહ્યું હતું. સોમવારે પણ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.સર્જાયો છે.

### શહેરમાં 3 ડિગ્રી તાપમાન ગગડ્યું

છેલ્લા બે દિવસથી સુરત શહેરમાં વરસાદી પરિસ્થિતિ જોવા મળી રહી છે. સતત વરસાદ અને વાદળછાયા વાતાવરણના કારણે શહેરના તાપમાનમાં પણ મોટો ઘટાડો નોંધાયો છે. આજે મહત્તમ તાપમાનમાં જ 3 ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. ગઈકાલે સુરતમાં મહત્તમ તાપમાન 29.8 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26.9 ડિગ્રી નોંધાયું હતું. આજે મહત્તમ તાપમાન ઘટીને સીધું 26.9 ડિગ્રી થઈ ગયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ ઘટીને 23.6 ડિગ્રી નોંધાયું હતું. નોંધનીય બાબત એ છે કે આજે શહેરનું મહત્તમ તાપમાન ગઈકાલે નોંધાયેલા લઘુત્તમ તાપમાન જેટલું જ રહ્યું હતું. સતત વરસાદને કારણે દિવસ દરમિયાન પણ વાતાવરણમાં ઠંડક અનુભવાઈ હતી. વરસાદી માહોલ વચ્ચે શહેરમાં હવામાં 93 ટકા ભેજ નોંધાયો હતો. દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 4 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. ઊંચી ભેજ અને સતત વાદળછાયા વાતાવરણને કારણે દિવસ દરમિયાન ગરમીનો અનુભવ ઓછો થયો હતો.

### એક ઇંચ...

નિકાલ માટે મજબૂત નેટવર્ક હોવાના મનપાના દાવા વચ્ચે હવે એવા વિસ્તારોમાં પણ પાણી ભરાવા લાગ્યા છે, સુરતમાં આટલા ઓછા વરસાદમાં પાણી ભરાવાની સમસ્યા અગાઉના શાસકોના શાસનમાં ક્યારેય જોવા મળી ન હતી.

### વીઆઇપી રોડથી...

પાણી ભરાતા મનપાના વરસાદી ડ્રેનેજ નેટવર્ક સામે સવાલો ઊભા થયા છે. વીઆઇપી રોડ, વેસુ, અડાજણ, પાલનપુર તરફના વિસ્તારો, ઘોડદોડ રોડ, સિટી લાઇટ, વરાછા રોડ, પુણાગામ, કતારગામ રોડ, વેડ રોડ, ડભોલી અને સિંગણપોર ચાર રસ્તા સહિતના વિસ્તારોમાં પાણી ભરાવાની ફરિયાદો નોંધાઈ છે.

### મનપાનો 'એક ઇંચ...

વોટરલોગિંગ પોઇન્ટની સંખ્યા અને વિસ્તાર વધતા જોવા મળે છે.શનિવાર રાત્રે ટૂંકા ગાળામાં ભારે વરસાદ પડતાં જ અનેક મુખ્ય રસ્તાઓ પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. પરિણામે વાહનચાલકોને પાણીમાંથી વાહનો પસાર કરવાની ફરજ પડી હતી અને કેટલીક જગ્યાએ ટ્રાફિકની ગતિ પણ ધીમી પડી હતી.

### 68 દિવસ...

વિસ્તારો વચ્ચે રોજિંદી અવરજવર કરતા વાહનચાલકોને હવે વૈકલ્પિક માર્ગે જવું પડશે. ઉપરવાસમાં હજુ પણ વરસાદ ચાલુ હોવાના કારણે આગામી કલાકોમાં કોઝવેની સપાટી વધુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો પાણીની આવક યથાવત્ રહેશે તો કોઝવે કેટલા સમય સુધી બંધ રહેશે તે અંગે પણ અનિશ્ચિતતા ઊભી થઈ છે. હાલ તંત્ર દ્વારા પાણીની સપાટી પર સતત નજર રાખવામાં આવી રહી છે.

### પી.પી. સવાણી...

ખસેડવામાં આવી હતી. હાલ 3 વિદ્યાર્થિનીઓ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, અબ્રામા ખાતેની પી.પી. સવાણી સ્કૂલની ગર્લ્સ હોસ્ટેલમાં ધોરણ 10થી 12માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ રહે છે. શનિવારે સાંજે હોસ્ટેલમાં ગણેશજીના આગમન પછી રાત્રે ડિનર કર્યા બાદ મોડી રાત્રે આશરે 11થી 11.30 વાગ્યા બાદ એક બાદ એક વિદ્યાર્થિનીઓની તબિયત લથડવા લાગી હતી. શરૂઆતમાં કેટલીક વિદ્યાર્થિનીઓને પેટમાં દુખાવો, ઉલટી સહિતની તકલીફો થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાઈ હતી. ત્યારબાદ ધીમે ધીમે અન્ય વિદ્યાર્થિનીઓમાં પણ આવી જ ફરિયાદો જોવા મળતાં તકેદારીના ભાગરૂપે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે ખરેખર ભોજનના કારણે જ આ સમસ્યા થઈ કે અન્ય કોઈ કારણસર, તે લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.

### SMCએ સેમ્પલ...

મોકલીને ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. આરોગ્ય મંત્રીએ સમગ્ર રાજ્યની તમામ સરકારી, અર્ધસરકારી તથા ખાનગી હોસ્ટેલોના કિચન અને ભોજન વ્યવસ્થાની સઘન ચકાસણી કરવા આદેશ આપ્યા છે. આગામી સપ્તાહ દરમિયાન હાથ ધરાનારા રાજ્યવ્યાપી વિશેષ તપાસ અભિયાનમાં હોસ્ટેલોના કિચન, સ્વચ્છતા, ખાદ્ય સામગ્રીની ગુણવત્તા અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)ના પાલનની વિગતવાર ચકાસણી કરવામાં આવશે. આરોગ્ય મંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરાયેલ SOPનું પાલન દરેક સંસ્થાએ ફરજિયાતપણે કરવું પડશે, અને વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે કોઈ પણ બેદરકારી કે નિયમોનો ભંગ સહન નહીં કરવામાં આવે. નિયમોનું અનાદર કરનાર સંસ્થાઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

### ગણેશજીના આગમન...

વિદ્યાર્થીઓ બહારથી પણ આવતા-જતા હોવાથી બહારનું કંઈ ખાધું હોય તેના કારણે પણ તકલીફ થઈ હોવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. હોસ્ટેલમાં ગણેશજીના આગમન દરમિયાન બહારથી પ્રસાદ પણ આવ્યું હતું.








